## દાંતીવાડાના મહે. જ્યુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,મુ.દાંતીવાડા.

**ફો.કેસ નં.:– 413 /2026**

**આંક:–૬**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ.

આરોપી :– **NAGJIBHAI LAXMANBHAI ZAKHDIYA**

### ગુનો :– પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી,મુજબ.

### // ઠરાવ //

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંક માં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી નશો કરીને લથડીયા ખાતા તેમજ બકવાસ કરતા મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ હોઈ તે અંગેની ફરીયાદ નોંધાવવામાં આવેલી અને તપાસ અધિકારી દ્વારા આ ગુનાની તપાસ કરી તે મુજબની ચાર્જશીટ કરવામાં છે.

(ર) ચાર્જશીટ અન્વયે આરોપી ને સમન્સ કરવામાં આવતા તેની બજવણી થતા તેઓને ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ તેઓનો જવાબ લેવામાં આવતા આરોપીએ ગુનાની સ્વેચ્છીક કબુલાત કરી ગુનાની કબુલાત પુરસીસ આપી એવું જણાવેલ છે કે, ગુનાની કબુલાત કરવા તેઓને કોઈએ કોઈપણ જાતની ધાક ધમકી કે લોભ લાલચ આપેલ નથી.

(૩) આરોપીએ જે ગુના કબુલાતની પુરસીસ આપેલ છે તેમાં તેઓ જણાવેલ છે કે તેઓ ગરીબ માણસ છે. ઘરમાં તેઓ સિવાય અન્ય કોઈ કમાનાર વ્યકિત નથી, ઘરનાં તમામ વ્યકિતની ભરણપોષણની જવાબદારી તેમના પર છે, તેઓનો આ પ્રથમ ગુનો છે, તેમજ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહીં કરે તેની ખાત્રી આપેલ છે, તેમજ દયા કરી જેમ બને તેમ ઓછી સજા કરવા અરજ કરેલી છે.

(૪) આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતાં, તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હીરાચંદજી ઠાકોર ર૦૦પ(૧) જી.એલ.આર. ૭૦૯પર પ્રસિધ્ધ થયેલ નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં કેસના સંજોગો લક્ષમાં લેતાં જો પુરતા કારણો જણાય તો અદાલત ન્યુનતમ કરતાં ઓછી સજા પણ કરી શકે છે.

વધુમાં આરોપીની કબુલાત પુરસીસને લક્ષમાં લેતાં, તેમજ આરોપીની કોર્ટ સમક્ષની રજુઆત લક્ષમાં લેતાં, આરોપીનો પ્રથમ ગુનો હોય, આરોપી ગ્રામ્ય વાતાવરણમાંથી આવતાં હોય, આરોપી કુંટુંબનો આધાર હોય, જો લાંબા સમય સુધી કેદની સજા કરવામાં આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે, આરોપીનાં કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનોને થનાર હોય, આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્ર કારનો ગુનો નહીં બને તેવી ખાત્રી પણ આપતા હોય, કેસનાં સંજોગો, ગુનાનો પ્રકાર,ગુનાને લગતી સજાની જોગવાઈ અને આરોપી દવારા કરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ઉપરોકત ચુકાદાઓમાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતાં આરોપીને લાંબા સમયની કેસની સજા કરવાને બદલે હળવી સજા કરવાને પાત્ર હાથ ઉપરનો કેસ હોય, જેથી આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને દંડ કરતી વખતે પણ આરોપીની દારૂણ અવસ્થાને ઉવેખી શકાય નહીં, આરોપીની સ્થિતિ જોતાં અને કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં, ઓછી રકમનો દંડ કરવાથી ન્યાયનો હેતું જળવાશે જેથી આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા. આમ, ઉપરોકત તમામ સંજોગો, ચુકાદા અને આરોપીની કબુલાત ધ્યાને લેતાં આરોપીને પ્રોહી.એકટની કલમ– ૬૬(૧)બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબની સજા કરવી જોઈએ તેવું મારૂ નમ્રપણે માનવું હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા.ર૦ર૩ ની કલમ ર૭પ અન્વયે તકસીરવાન ઠરાવી પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી મુજબના ગુન્હા બદલ રૂ.ર૦૦/–(અંકે રુપિયા બસ્સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૪, માહે માર્ચે સને–ર૦ર૬ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૪/૦૩/ર૦ર૬**

**(નિખિલ વી.ગુપ્તા)**
**જ્યુ.મેજી.ફ.ક.,દાંતીવાડા**
**કોડ નં. જી.જે.૦૧૬પ૦**

દંડ પાવતી નંબર. થી
દંડની રકમ રૂા.ર૦૦/– જમા લીધા.

તા.૧૪/૦૩/ર૦ર૬ નાઝર